# -: આવ્યા માના નોરતા :-

-: દૈવી ગુણો દ્વારા જીવનને ગુણવાન બનાવવાની

યાદગાર પ્રક્રિયા એટલે જ નવરાત્રી :-

સર્વ આત્માઓની મનોકામના પૂર્ણ કરનાર માં જગદ્મ્બાજી... પરમાત્મા શક્તિ દ્વારા દુર્ગુણોનો નાશ કરનાર માં દુર્ગાજી... પવિત્રતાના બળથી જીવનને સફેદ બનાવનાર માં સરસ્વતીજી ... સંતુષ્ટતા રૂપી ખજાનાથી ભરપુર માં સંતોષીજી... વિકારો પર વિજય મેળવનાર માં મહાકાળીજી... સર્વ ગુણોની જનની માં ગાયત્રીજી... અપકારી પર પણ ઉપકાર કરનાર માં ઉમિયાજી... મધુરતાનું વરદાન આપનાર માં મીનાક્ષી દેવીજી... મહાનતા દ્વારા લક્ષ્યને પ્રાપ્ત કરનાર માં મહાલક્ષ્મીજી....

ધન્ય છે એ ધરાને... જે ભૂમિ પર આ મહાન દૈવી શક્તિઓનાં પાવન પગલા થયા..ધન્ય છે તે સમયને... જે સમયે આ સર્વ વરદાની શક્તિઓએ સર્વને વરદાનોથી ભરપુર કર્યા.... ધન્ય છે તે મહાન વિભૂતિઓને... જેણે આ સર્વ શિવશક્તિઓની અમી દ્રષ્ટિ દ્વારા સ્વયંને ભરપુર કર્યા... ધન્ય છે તે યુગને.... જે યુગમાં પરમાત્માએ આ દેવીઓ દ્વારા વિશ્વમાંથી આસુરી તત્વોનો નાશ કર્યો.

ચિરાતીત કાળથી આપણે સૌ નવરાત્રીના નવલા દિવસોમાં દેવીઓની પૂજા, આરાધના, આરતી વિગેરે કરતા આવ્યા.  આખરે પ્રશ્ન એ છે કે

- વાસ્તવમાં આ દેવીઓ કોણ છે?
- ક્યા સમયે તેઓએ મહાન કાર્યો કર્યા?
- ખરેખર સાચા અર્થમાં અસુરો કોણ હતા?

- દેવીઓના હાથમાં અસ્ત્ર શસ્ત્રનું રહસ્ય શું છે?
- ક્યા ગુણોને ધારણ કરી આ દેવી શક્તિઓ ગાયન તથા પૂજનીય બન્યા?

પુણ્યભૂમિ ભારતમાં સતયુગ – ત્રેતાયુગમાં દેવી દેવતાઓનું પવિત્ર રાજ્ય હતું. ત્રેતાના અંતમાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષા, દ્વેષ, આળસ વગેરે અસુરો (આસુરી લક્ષણો)એ દેવતાનું રાજ્ય છીનવી લીધું. આખરે કળિયુગનાં અંતમાં દેવતાઓ મનુષ્ય સ્વરૂપે આવ્યા તેમજ વિકારોરૂપી અસુરો દ્વારા ખુબ જ પીડિત હતા ત્યારે પ્રજાપિતા બ્રહ્માનાં પુરૂષાર્થ દ્વારા ભગવાન શિવ પાસેથી સહાયતા મળી. પરમાત્મા પાસેથી જ્ઞાન અને યોગ રૂપી શક્તિ મળેલ તથા વિષ્ણુ પાસેથી પવિત્રતારૂપી લક્ષ્યની શક્તિ પ્રાપ્ત થઇ. વિવિધ શક્તિઓના ઉપયોગથી અસુરો (આસુરી વૃતિમાં) પર વિજય મેળવ્યો. જે અસ્ત્ર શસ્ત્ર તરીકે આજે પણ દેવીઓના હાથમાં બતાવવામાં આવે છે. સારરૂપમાં જોઈએ તો સૃષ્ટિચક્રના કળિયુગ અંત-સતયુગ આદિના સંધિકાળ એટલે પુરુષોત્તમ સંગમયુગમાં પરમાત્માએ નવી દેવી સૃષ્ટિની સ્થાપના અર્થ જ્ઞાનનો કળશ કન્યાઓ પર રાખેલ.... જે કન્યાઓએ જ્ઞાન – યોગના બળથી તથા સર્વ દિવ્ય ગુણોથી આસુરી લક્ષણોને ખત્મ કરી સ્વયંની તથા અન્યની રક્ષા કરી તે જ વાસ્તવમાં સાચા અર્થમાં શિવ શક્તિ તરીકે પૂજનીય બન્યા જેની આજે પણ આપણે આરાધના કરીએ છીએ.

*****

-: માં શક્તિઓના જીવનના ગાયન અને પૂજનનો આધાર – દિવ્ય ગુણો:-

-:આવ્યા માના નોરતા:- -: નોરતું બીજું :-

જીવન ગુણોથી જ ગુણવાન તેમજ મૂલ્યોથી જ મુલ્યવાન બને છે. માનવ જીવનરૂપી બગીચામાં ચૈતન્ય ફૂલોરૂપી ગુણો ખીલે છે ત્યારે જીવનરૂપી બગીચાની શોભામાં વૃદ્ધિ થાય છે. ગુણો કે મૂલ્યો વગરનું જીવન સુકા બગીચા સમાન છે. માટે જ કહેવાયું છે કે...

“દિવ્ય ગુણો કે ગુલદસ્તેસે જીવન મહેક જાતા હૈ....

સદગુણો કે શૃંગારસે જીવન ધન્ય બન જાતા હૈ....”

ગુણોથી જ માનવ સાચા અર્થમાં માનવ બને છે. માનવ માનવ વચ્ચેના નિ:સ્વાર્થભર્યા સંબંધોનો આધાર પણ મૂલ્યો જ છે. ગુણો માનવ જીવનની પર્સનલ પ્રોપર્ટી (નીજી સંપતિ) છે. જેનાથી માનવ આગળ સફળતાના શિખરો સર કરી શકે છે. વિચારો... ખુશી... શાંતિ....આનંદ....સદભાવના... સહયોગ....વગેરે દિવ્યગુણો જો જીવનમાંથી લોપ થઇ જાય તો જીવનની શું કિંમત રહે? આ ગુણો જ જીવનરૂપી ઘરેણાની શોભા વધારનાર હીરા છે. જેનાથી જીવન સુશોભિત બને છે. ધન સંપત્તિથી ગરીબ માનવ દિવ્ય ગુણોની સંપત્તિથી સંપતિવાન બની શકે છે. જેના અનેક ઉદાહરણો ઇતિહાસના પાને ટંકાયેલ છે. જીવનરૂપી ઇમારતને મજબુત બનાવનાર પાયો તે ગુણો છે.

સર્વગુણોના અતુલ ભંડાર કોણ?

સ્થૂળ સંપત્તિ કે ધન, દોલત, મહેલ વગેરેના ભલે ભંડાર ભર્યા હોય પરંતુ આ બધી અલ્પકાળની, ક્ષણિક, વિનાશી, સંપત્તિ છે. જે બાહ્ય સ્વરૂપે દેખાઈ આવે છે. જેના પ્રાપ્તિ સ્થાનો ઘણા બધા છે. જ્યારે મૂલ્યોરૂપી સંપત્તિ માનવના અંતર જગતમાં છુપાયેલ છે. જરૂર છે તેને જાગૃત કરવાની. સર્વ મુલ્યોના અતુલ ભંડાર છે – સર્વના પિતા નિરાકાર, જ્યોતિબિંદુ. જેઓ સત્ય... ચૈતન્ય.... આનંદ સ્વરૂપ છે. જેની મહિમા કરતા લોકો કહે છે – ગુણોના સાગર,

પ્રેમના સાગર, આનંદના સાગર, પવિત્રતાના સાગર... તે પરમાત્મા શિવ જ કળિયુગનાં અંતના સમયે એટલે ધર્મ ગ્લાનીના સમયે અવતરિત થઇ આસુરી લક્ષણો છોડી દૈવી મૂલ્યોને ધારણ કરવા માર્ગદર્શન આપે છે. જે મનુષ્ય ભગવાનની મૂર્તિને માને છે તેઓ ભક્તિ ભાવથી મૂર્તિ પર ફૂલો ચડાવે છે.... જે ભગવાનની કોઈ પ્રતિમાને નથી માનતા તેઓ વચનો દ્વારા ભગવાનને શ્રધ્ધારૂપી ફૂલો અર્પિત કરે છે. પરંતુ જ્યારે ભગવાન સ્વયં અવતરણ કરે છે ત્યારે તે ભક્તોને દિવ્યગુણોનો ગુલદસ્તો જ સ્નેહ – ભેટના રૂપમાં આપી દે છે. જેનાથી જ માનવ જીવન ખુશ્બુદાર બને છે. આ જ ખુશ્બુ ફેલાવી સર્વને ગુણવાન બનવાની પ્રેરણા આપનાર હોય તો તે છે – મહાન શિવની શક્તિઓ જેની યાદગાર છે – નવરાત્રી.

*****

# દરેક દિવ્ય ગુણ અનમોલ કેવી રીતે ? :-

-: આવ્યા માંના નોરતા :-　　　　　　　　　-: નોરતું ત્રીજુ :-

જેવીરીતે અંતર્મુખતારૂપી દિવ્યગુણ પર વિચાર કરીએ, અંતર્મુખતાને ધારણ કરવાથી જે આંતરિક સુખ મળે છે. તેના માટે તો દ્વાપર યુગ તથા કળિયુગનાં ઘણા રાજાઓએ પણ ત્યાગ કર્યો.

જરૂર અંતર્મુખતાથી જે આંતરિક સુખ મળે છે તે મહેલ-માળીયા, ધન સંપત્તિ છતાં પણ નથી મળતું.

તેવી જ રીતે એક મિનિટની સહનશીલતાથી મનુષ્યનું જીવન પણ બચી જાય છે અને જાયદાદ પણ. જો એક મનુષ્ય ક્રોધમાં આવી ઝગડો કરે અને બીજા તેને સહન ન કરે તો પ્રતિદિન સાંભળીએ છીએ કે જીવનથી તથા જાયદાદથી હાથ ધોવાનો સમય આવી જાય છે.

આ સમયે એક મિનિટ પણ મનુષ્ય ચુપ રહે, સહન કરી લે અથવા ક્ષમા માંગી લે તો બીજા આપમેળે શીતલ થઇ જાય છે અને વાતનો નિર્ણય પણ સ્પષ્ટ કરી શકે છે.

દાન અને ત્યાગ પણ અનમોલ ગુણ છે. જે ત્યાગ કરે છે તેનું ભાગ્ય મળી જ જાય છે. સુદામાનું ઉદાહરણ આપણી સામે છે.

હર્ષિતમુખતા મનુષ્યનાં મુખનો સાચ્ચો શૃંગાર છે. જેનાથી તે અન્યનાં દુ:ખોને ભુલાવવાની શ્રેષ્ઠ સેવા કરી અનેકોની દુઆઓ મેળવી શકે છે.

“શીતળતા” મનુષ્યની બુધ્ધિમાં રાખેલ ફ્રીજ સમાન છે, જે ઈશ્વરીય જ્ઞાન તથા યાદને તાજી રાખે છે. આ એક કુલર છે જેનાથી મનુષ્યની કાર્યક્ષમતા વધે છે.

“સંતુષ્ટતા” જી (મન)ને સુખ આપનાર છે. કહેવત છે કે “જી સુખી તો જહાન સુખી”. જો સંતુષ્ઠતારૂપી મૂલ્ય ન હોય તો મનુષ્ય સમસ્ત વિશ્વનો બાદશાહ હોવા છતાં, તેને આંતરિક

તથા સાચ્ચું સુખ નથી મળતુ.

"નમ્રતા" અને "નિરહંકારિતા" પણ ઉચ્ચ દૈવીગુણ છે.  નમ્રતા તો નૌંલખા હારથી પણ વધારે મૂલ્યવાન છે જે મનુષ્યનું ધ્યાન પોતાના તરફ દોરાવી શોભા વધારે છે.  જ્યારે નિરહંકારીતા સર્વ દિવ્ય ગુણોરૂપી ફળોના રસ સમાન છે.  જેનામાં આ ગુણ છે તેનામાં આનંદ અને ઈશ્વરીય શક્તિની ઝલક હોય છે.

"સરલતા" મનની સફાઈ છે.  જેનાથી મનુષ્ય સ્વસ્થ રહે છે પરિણામે સ્વ પસંદ, લોક પસંદ અને પ્રભુ પસંદ બની જાય છે.

"નિર્ભયતા" પણ જીવન દાન આપનાર મૂલ્ય છે નહી તો ભય મૃત્યુની જેમ આત્માને પીડા આપે છે.  નિર્ભય મનુષ્ય જ કાળના પંજામાંથી છુટી શકે છે.  "અચલ" અને "અડોલ" રહેવાથી જ સતયુગી દૈવી દુનિયામાં અડોલ સિહાસન અને નિર્વિઘ્ન રાજ્યપદની પ્રાપ્તિ થાય છે.

આ રીતે એક એક ગુણ અપાર સુખ આપનાર છે.  આ સર્વ ગુણોરૂપી અનમોલ રત્નોની માળા ધારણ કરનાર જ વાસ્તવમાં શિવશક્તિઓ છે.  તો આવો આપણે પણ નવરાત્રીમાં માત્ર પૂજન, ગાયન જ ન કરતા આ સર્વ મૂલ્યોને ધારણ કરી સાચ્ચા અર્થમાં શિવ શક્તિઓ સમાન બનવાનો પુરુષાર્થ કરી નવરાત્રી મનાવીએ.

*****

# -:સર્વ મુલ્યોની ખાણ : અંતર્મુખતા :-

-: આવ્યા માના નોરતા :-                    -: નોરતું ચોથું :-

અંતર્મુખતાને ધારણ કરવાનો ભાવાર્થ એ છે કે મુખમાં જે આંખ, કાન વગેરે ઇન્દ્રિયો છે તેની દ્વારા મનુષ્ય માત્ર તે જ દ્રશ્ય જોવે. તે જ વાતો સાંભળે, તેવા જ વચન બોલે, તેવું જ ભોજન સ્વીકારે જેનાથી દેહમાં રહેનાર આત્માની ઉન્નતિ થાય. અંતર્મુખતામાં "ખરાબ સાંભળો નહિ, ખરાબ બોલો નહિ, ખરાબ જુઓ નહિ, ખરાબ વિચારો નહિ....." વગેરે શિક્ષાઓની ધારણા સમાયેલ હોય છે. અંતર્મુખતાનો સાર – અંતરમાં જે આત્મા છે તેના તરફ ધ્યાન આપવું, તેની ઉન્નતિઓનો ખ્યાલ રાખવો.

અંતર્મુખતા એટલે આપણે કર્મેન્દ્રિયો દ્વારા જે પણ કર્મ કરીએ પરંતુ બુદ્ધિમાં અંત- સ્થિત આત્માની સ્મૃતિ હોય. જેવીરીતે જ્યારે મનુષ્ય આંખો દ્વારા જુએ છે ત્યારે માત્ર બાહ્ય દ્રશ્યોમાં જ ન ખોવાઈ જઈએ પરંતુ યાદ રાખીએ કે બાહ્ય ચક્ષુ દ્વારા જોનાર અંદર હું ચૈતન્ય આત્મા છું. આંખો તો એક કેમેરો છે જે મસ્તક પર વસ્તુનું પ્રતિબિંબ પાડે છે. જ્યારે મુખથી બોલે છે ત્યારે તેને સ્મૃતિ રહેવી જોઈએ કે મુખ તો માઈક્રોફોનની જેમ યંત્ર છે. અંતર્સ્થિત બોલનાર હું ચૈતન્ય આત્મા છું.

અંતર્મુખતા એટલે આપણે અંતરાત્માને ન માત્ર નિહાળીએ પરંતુ તેનું ઘડી ઘડી ચેકિંગ પણ કરતા રહીએ કે તેમાં કોઈ વિકાર અથવા સંકલ્પ તો નથી ને? ચેકિંગની સાથે તેમાં ચેંજ (પરિવર્તન) પણ લાવી સ્વયંને વ્યર્થના કચરાથી મુક્ત કરી દઈએ.

વર્તમાન સંસારનું બાહ્ય વાતાવરણ ચમક-દમક, બનાવ-શૃંગાર વગેરે જોઈ અંતર્મુખી વ્યક્તિ સમજે છે કે આ માયાનો ચમત્કાર છે. તેમાં ફસાવું ન જોઈએ કારણકે આ બધું વિનાશી, ક્ષણિક છે અને આત્માને નીચે લાવનાર છે. તે હંમેશા ભવિષ્યની મૂલ્યોથી ભરપુર

સૃષ્ટિને સામે લાવશે. જેનું સ્પષ્ટ વર્ણન શિવ પરમાત્મા કરી રહ્યા છે કે જ્યાં ચારે બાજુ સતોપ્રધાનતા હશે. સુખ-શાંતિ-સંપત્તિથી સૌ સંપન્ન હશે. સોના-હીરા જડિત મહેલ હશે. તેની સરખામણીમાં આજના પદાર્થોમાં સતોગુણ, સાર કે સુંદરતા ક્યા છે? આજે શરીરોમાં તે આરોગ્ય, તે પ્રાકૃતિક સૌન્દર્ય, તે શક્તિ અને ક્ષમતા તો છે નહી.

“અંતર્મુખી” સ્થિતિની શ્રેષ્ઠ અનમોલ યુક્તિ છે કે ચાલતા-ફરતા, ઉઠતા-બેઠતા, દરેક કર્મ કરતા સ્વયંને ભ્રુકુટીમાં સ્થિત એક આત્મા અથવા સ્ટાર સમજીએ અને અન્ય શરીરધારીઓને જોવા છતાં પણ દરેકની ભ્રુકુટીમાં જે જ્યોતિબિંદુ છે તેને જુએ. આત્મા-આત્મા ભાઈ ભાઈ છે. એક જ નિરાકાર શિવ પરમાત્માની સંતાન છીએ.- આ સંબંધમાં સ્થિત થઇ સૌ સાથે વ્યવહાર કરીએ. જ્યારે આ દૃષ્ટિ, વૃતિ, સ્મૃતિ અને સ્થિતિથી વ્યવહાર કરીશું તો બાહ્યમુખતાનો ભાવ આવશે નહી. સૌ પ્રત્યે શક્તિશાળી, પવિત્ર દૃષ્ટિ રહેશે માટે જ દેવીઓના નેત્ર ખુલ્લા – શક્તિશાળી બતાવેલ છે, જે અંતર્મુખ સ્થિતિની જ યાદગાર છે કે સમસ્ત સૃષ્ટિને જોવા છતાં અંતર આત્માની યાદથી સ્વયં શક્તિશાળી બની સર્વને શક્તિઓ આપી રહ્યા છે.

*****

# -: આવ્યા માના નોરતા :-

# -; નોરતું પાંચમું :-

# -: શિવ શક્તિઓનો મહાન ગુણ : સહનશીલતા :-

કોઇપણ ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ માટે સહન તો કરવું જ પડશે. આપણે પણ જાણીએ છીએ કે બધાજ ધર્મ સ્થાપકોએ પોતાના ધર્મની સ્થાપના માટે કેટલું સહન કર્યું ! જેણે દેશની સ્વતન્ત્રતાનું બીડું ઉઠાવ્યું તેણે પણ કેટલા કષ્ટ સહન કર્યા. તો આપણે સૌએ તો ભવિષ્યમાં અટલ, અખંડ, નિર્વિઘ્ન અને સંપૂર્ણ સુખકારી દેવપદની પ્રાપ્તિ કરવાની છે. તો સહન પણ જરૂર કરવું જ પડશે ને! યાત્રા પર ચાલનાર યાત્રિકે પણ લક્ષ્ય સુધી પહોંચવા ખાન-પાન, રહન-સહન, ધક્કા વગેરે મુસીબતોનો સામનો કરવો જ પડે છે.

વર્તમાન સંસારના કોઇપણ માર્ગો એવા સરળ નથી જ્યાં બિલકુલ સહન કરવુ જ ન પડે.

સહનશીલતાનો અર્થ મનુષ્યની સામે જ્યારે દુ:ખ – અશાંતિ ઉત્પન્ન કરનાર પરિસ્થિતિઓ આવે ત્યારે પણ તેની અવસ્થા એકરસ – અચલ રહે, મનમાં દુ:ખની અંશ- માત્ર પણ અસર ન થાય, ચહેરા પર કોઈ ચિંતાઓની રેખા ન જણાય, તેના પુરુષાર્થમાં, યોગાભ્યાસમાં, બીજા આત્માઓ પ્રતિની ભાવનામાં કોઈ અંતર ન આવે... તે છે સહનશીલ વ્યક્તિ.

સહનશીલતાને માત્ર સમજવાની કે માનવાની નથી પરંતુ પ્રેક્ટીકલ જીવન-વ્યવહારમાં લાવવાની છે, માટે સહન કરવા શક્તિની જરૂર છે તે શક્તિ મળશે સ્વયંને આત્મા સમજી... નિરાકાર શિવ પરમાત્માને યાદ કરવાથી. જેવીરીતે ફળોથી ભરપુર વૃક્ષને એક બાળક પથ્થર મારશે તો વૃક્ષ પથ્થરનો ઘા સહન કરી રિટર્નમાં ફળઆપે છે, તેવી જ રીતે એક રફ પથ્થરને મૂર્તિકાર ટાંકણા અને હથોડાના ઘા લગાવે

છે.ત્યારે જ પથ્થર તે સહન કરી કરીને આખરે સુંદર મૂર્તિ બની પૂજનીય બની જાય છે.

સમુદ્રની લહેરોને સહન કરી પથ્થર શાલીગ્રામ બની જાય છે.

જ્યારે કોઈ મનુષ્ય અયોગ્ય વ્યવહાર કરે અથવા નિંદા કરે ત્યારે એવું વિચારવું કે આ નિંદાના શબ્દો ફુલ બની રહ્યા છે. કારણકે, તે વ્યક્તિ સાથેના આપણા હિસાબકિતાબ ચૂકતું થઈ રહ્યા છે. તે વ્યક્તિ મારી ભાવિ દેવી મૂર્તિ પર અત્યારથી જ ફૂલોનીવર્ષા કરી રહી છે. જેટલી પરિસ્થતિઓ સહન કરીશું તેટલા જ રત્નો મારા ભવિષ્યનાતાજમાં લાગીરહ્યા છે. પરિસ્થિતિ મારા માટે આગળ વધવાની શિક્ષા લઈને આવેલ પરિસ્થિતિરૂપી પેપરને ખુશીથી પાસ કરનાર જ ક્લાસ ટ્રાન્સફર કરી શકે છે.

સૃષ્ટિચક્રના પ્રથમ બે યુગ – સતયુગ, ત્રેતાયુગમાં તો ચારે બાજુ સતોપ્રધાનતા હતી. પરંતુ દ્વાપર અને કળિયુગનાં અંતમાં અનેક વિઘ્નો – કોઈ તનનાં તો કોઈ મનના તો વળી ક્યારેક ધન સંબંધિત તો વળી આપસી સંબંધોનાં વિઘ્નો રૂપી પરીક્ષાઓને શિવ પરમાત્માની યાદથી સહન કરનાર જ વાસ્તવમાં સહનશીલતાની દેવીઓ હતી. જેની શક્તિઓનું આજે પણ આપણે સૌ ગાયન કરીએ છીએ. આવો આપણે પણ આ ગુણને જીવનમાં ધારણા કરીએ.

*****

# -:માનવ મનમાં રાખેલ ફ્રીજ એટલે શીતળતા અને મધુરતારૂપી સદગુણ :-

## આવ્યા માના નોરતા                                  નોરતું છઠ્ઠું

વિકારોની આગમાં તપતા મનુષ્યો માના ચરણોમાં ઝુકે છે....વાણી દ્વારા અનેકોના દિલને ઠેસ પહોંચાડનાર પણ અંતે મીઠા વરદાનોથી ભરપૂર થવા શક્તિઓ પાસે જાય છે...કારણકે, આ શિવ શક્તિઓ જ આસુરી લક્ષણોની આગ પર વિજય મેળવી સૌને શીતળતા તથા મધુરતાથી ભરપૂર કર્યા છે.

શીતળતા અને મધુરતા એ એવા ગુણ છે જે મનુષ્યને દરેક પરિસ્થિતિમાં શાંતિ આપે છે. જેવી રીતે ગરમીથી તપતા લોકોને જળથી ઠંડક મળે છે, પાણીની તરસથી મરતા લોકોને પાણીની અંચલી પણ પ્રાણ રક્ષક અને શાંતિકારક બને છે તેવી જ રીતે શીતળતા અને મધુરતા જેના મનમાં છે તેનું મન તો શાંત છે જ પરંતુ તે જેની સાથે વ્યવહારમાં આવે છે તેને પણ શાંતિનો અનુભવ થાય છે. તેવી જ રીતે ક્રોધરૂપી અગ્નિને બુઝાવવા માટે, ચિંતાથી વ્યાકુળ મનુષ્યને શાંતિ આપવા માટે શીતળતા અને મધુરતા રૂપી ગુણ છે.

જેવી રીતે મધમાં એક એવું આકર્ષણ હોય છે જેનો સ્વાદ લેવા લોકો તેની તરફ ખેંચાય છે, તેનો રસ અને શક્તિથી આનંદિત થવા લોકો તેની પાસે જાય છે, તેવી જ રીતે મધુરતામાં પણ એક એવું આકર્ષણ છે કે લોકો મધુર વચનો સાંભળવા તલ્લીન થતા હોય છે, કારણકે તેનાથી લોકોને સુખની અનુભૂતિ થાય છે. માટે જ શિવ પરમાત્મા કહે છે કે- ‘મધુર બનો, મીઠા બનો, મીઠું બોલો....’ કારણકે, મધુરતા જ એકતા અને સ્નેહ લાવે છે અને એકતા તથા સ્નેહ જ શાંતિ અને સુખ લાવે છે. જ્યાં આ બન્ને મુલ્યો છે ત્યાં લડાઈ- ઝગડાનું નામ-નિશાન નથી હોતું. જ્યાં આ ગુણો નથી તે ઘરમાં પાણીના ઘડા પણ સુકાઈ જાય છે. એક સુંદર

પંક્તિ છે.

મીઠી વાણી બોલ રે મનવા મીઠી વાણી બોલ,

એ સેવા અનમોલ રે મનવા મીઠી વાણી બોલ.

સૌથી શ્રેષ્ઠ અને અનમોલ સેવા છે – મીઠી વાણી ઉચ્ચારણ કરવી.

આ ગુણોની ધારણા માટે આપણે સૌ એક ઈશ્વરીય કુળના છીએ.  એક પિતાના સંતાનો આપસમાં ભાઈ-ભાઈ છીએ.  આપણામાં સૌનો આપસમાં 'આત્મિક' સંબંધ છે. આપણામા એટલી મીઠાશ હોય કે લોકો જોઈને જ કહે કે, આ જે વૃક્ષ (કુળ)નાં ફળ (સભ્ય) છે, તેનું બીજ (પિતા) સ્વયં પ્રેમના સાગર પરમાત્મા જ છે.

જુઓ, આજે મનુષ્ય એકબીજા સાથે એવું બોલે છે કે જેમ એકબીજાને પથ્થર મારતા હોય, ત્યારે શિવ પરમાત્મા કહે છે કે – આ રીતે દુ:ખ આપવાનું અને લેવાનું બંધ કરો, વાણી-વૃતિ-વિચાર-વ્યવહારમાં મીઠાસ ભરો.  જેટલી મનમાં શીતળતા હશે તેટલી વાણીમાં મીઠાશ હશે માટે મનને ફ્રીજ બનાવી દઈએ જેથી સ્વયં શીતળ બની અનેકની વિકારોની આગને બુઝાવી શકીએ.  તે જ વાસ્તવમાં સાચા અર્થમાં શીતળાદેવી છે.

# -: આવ્યા માના નોરતા :-

## -:નોરતું સાતમું :-

## -: નૌલખા હારથી પણ વધારે મૂલ્યવાન ગુણ - નમ્રતા :-

બધા દિવ્યગુણો માનવને ઈશ્વરની નજીક લઇ જનાર અને આત્માની ઉન્નતિ કરનાર છે, જે મનુષ્ય સર્વ દિવ્ય ગુણોના શૃંગારથી સ્વયંને શણગારે છે તેનું સ્વયંનું જીવન તો સફળ થાય છે સાથે સાથે અન્યને પણ ખુશીથી ભરપૂર કરી દે છે. તે જ રીતે સર્વ આસુરી અવગુણો માનવને ઈશ્વરથી દૂર કરે છે તથા સ્વયંને તેમજ અન્યને દુ:ખી કરે છે. સર્વ આસુરી લક્ષણોમાં તથા આત્માના કલ્યાણમાં વિઘ્નરૂપ સૌથી મોટો દુશ્મન હોય તો તે છે-દેહ અભિમાન. જ્યારે આત્માની ચઢતી કળામાં સૌથી મહાન સદગુણ હોય તો તે છે “નમ્રતા’. આપણે આગળ અંતર્મુખતા, સહનશીલતા, મધુરતા, શીતળતા વગેરે ગુણ સંબંધિત સાંભળ્યું. આ ગુણોનું પ્રેકટીકલ પ્રમાણ જોવું હોય કે વ્યક્તિમાં આ મુલ્યો છે કે નહી તો આપણે તે વ્યક્તિના વ્યવહારમાં ‘નમ્રતા’ છે કે નહી તે જોવું જોઈએ. જે મનુષ્યમાં નમ્રતા ન હોય- અહંકાર હોય તો સમજવું જોઈએ કે તેનામાં સહનશીલતા અને મધુરતા પણ નથી.

કહેવાયું છે કે, ‘નમે તે સૌને ગમે’, નમ્રતા અર્થાત એવું નહી કે ઘડી ઘડી શરીરથી કોઈની સામે મસ્તક નમાવવું પરંતુ નમ્રતા એટલે સ્વભાવ અને સંસ્કારમાં સરળતા, સૌની સાથે મિલનસાર બનીને રહેવું, બધાની વાતોને સમજવા કોશિશ કરવી. ઈશ્વરીય જ્ઞાનની ધારણા કરનાર તથા દિવ્ય જીવન બનાવવાનું જેનું લક્ષ્ય હશે તે મનુષ્યમાં નમ્રતા, નિરહંકારીતા, વિનય તથા સાદગી જરૂર હશે. પોતાની શાન બતાવવી, દેખાવ કરવો, લોકોનું ધ્યાન પોતાના તરફ ખેંચાવવું વગેરે આદતો તેનામાં નહી હોય. જેમ સાચો હિરો ધૂળમાં પણ દૂરથી ચમકે છે તે પોતાને સિદ્ધ કરવાની કોશિશ પણ નહી કરે તેવી રીતે ‘નમ્રતા’ રૂપી નૌલખા હારથી શ્રુંગારિત વ્યક્તિ પણ સ્વત: સૌનું માન મેળવવા પાત્ર બને છે.

નમ્રતાને ધારણ કરવા હંમેશા એ યાદ રાખવું કે- 'હું વિશ્વનો સેવક છું' અથવા હું ઈશ્વરીય સેવામાં છું.' જે બધાના સેવક હોય તેને કઈ વાતનું અભિમાન ? વિશ્વ રચયિતા પરમાત્મા શિવ પિતાશ્રી બ્રહ્માના શરીરમાં અવતરણ કરી રહ્યા છે.

*'હું આપ બાળકોનો આજ્ઞાકારી સેવક, આપ સૌની સેવા પર ઉપસ્થિત છું.' આપે મને નિમંત્રણ આપ્યું કે - હે પતિત પાવન આવો અને અમને પતિતમાંથી પાવન કારણકે, દુ:ખીમાથી સુખી બનાવવાની સેવા કરો તો હું તે સેવા માટે આવ્યો છું. તો આપણે પણ કેટલા નમ્ર ચિત્ત અને વિનય યુક્ત રહેવું જોઈએ. વળી, આપને તો દૈવી સૃષ્ટિ**ની** સ્થાપનાનાં કાર્યમાં કલ્યાણકારી પરમાત્માની સાથે નિમિત્ત છીએ તો જે કોઈ વિશેષ કાર્ય માટે નિમિત્ત હોય તેણે તો કેટલી વાતો સાંભળવી પડે – સહન કરવી પડે. તેણે તો ખુબ જ મધુરતાથી અને નમ્રચિત્તથી વ્યવહાર કરવો પડે જેથી કોઇપણ તેનાથી.નારાજ ન થાય તથા દ્ આપણે સૌ પણ શ્રુંગારમાં નમ્રતાના હીરા જડિતથી સ્વયંને નમ્રતાની મૂર્તિ બનાવી પૂજનીય બનાવવીએ.:*

..........................................................................................

# -:આવ્યા માના નોરતા:-

# -:નોરતું આઠમુ:-

# -:સર્વ ગુણોમાં શિરતાજ ગુણ – "સંતુષ્ટતા":-

જેમ સર્વ પ્રકારના સુખોમાં આત્મ-સુખ જ સર્વશ્રેષ્ઠ છે તેમ સર્વ દિવ્ય ગુણોમાં "સંતોષ" રૂપી ગુણ શિરોમણી છે. જેવીરીતે બધા જ આભુષણો મૂલ્યવાન અને શોભાકારી તો હોય જ છે પરંતુ છતાં પણ તાજ એક એવું આભૂષણ છે જે રાજ્ય ભાગ્યની નિશાની છે, તેવી જ રીતે સંતુષ્ટતા સર્વ ગુણોમાં શિરતાજ સમાન છે. કારણકે સંતુષ્ટ મનુષ્ય રાજા સમાન હોય છે. પણ તેના સંતોષરૂપી મુગુટમણીને જોઇને અથવા તેની સ્થાયી ખુશીને જોઇને લોકો સમજે છે કે આ વ્યક્તિ હંમેશા ભરપુર છે. માટે જ કહેવાય છે કે "સંતોષી નર સદા સુખી" અથવા "સંતોષી મનુષ્ય સુખી પણ છે અને સુખદાયક પણ છે."

આંજે દરેક માનવનો સ્વભાવ એવો બની ગયો છે કે તે ૫૦% સંતુષ્ટ અથવા ૫૦% અસંતુષ્ટ જરૂર રહે છે. અથવા અસંતુષ્ટતાનાં કારણે પોતાની ખુશીમાં નુકશાન કરે છે. આજે નાની-નાની વાતોમાં રિસાઈ જવાનો સ્વભાવ એવો સામાન્ય બની ગયો છે કે જ્યારે પણ કોઈ બે વ્યક્તિ આપસમાં મળે છે તો પુછે છે કે બીજા વ્યક્તિ મારાથી અથવા કોઈ પરિસ્થિતિનાં કારણે નારાજ તો નથી ને ? અસંતુષ્ટ વ્યક્તિ હંમેશા બેમુખી ઘોડાની જેમ દુવિધામાં ફસાયેલ હશે. શું કરૂ ? કેમ કરૂ ? વગેરે વિકલ્પોમાં તે ખુશી ખોઈ બેસે છે. ઘણી વખત એકબીજાના સ્વભાવ – સંસ્કાર ન મળવાથી પણ વાત વાતમાં અસંતુષ્ટતા આવી જાય છે. કોઈની પાસે ઘણી સંપતિ હોવા છતાં પણ મનથી ખાલી હોવાના કારણે અસંતુષ્ટ રહેતા હોય છે.

# -:સંતુષ્ટતા રૂપી સદગુણને ધારણ કરવાની વિધિ :-

હંમેશા યાદ રાખીએ કે મનુષ્ય સૃષ્ટિ વિભિન્નતાઓનું એક નાટક છે. આ એક વિવિધતારૂપી વૃક્ષ છે. જેમાં અલગ અલગ મનુષ્ય છે. બધાના સંસ્કાર અને સ્વભાવ અલગ અલગ છે. દરેકનો પાર્ટ ભિન્ન છે. હું એવો શ્રેષ્ઠ પાર્ટ ભજવું કે સ્વયં સ્વયંથી હંમેશા સંતુષ્ટ રહું. બીજું કે હંમેશા આપણા શ્રેષ્ઠ ભાગ્યનું વર્ણન કરીએ ન કે કોઈના ભાગ્યને જોઇ ઈર્ષ્યાં આવે. ભગવાને મને જે પણ આપ્યું છે તેમાં રાજી રહી હે ભવિષ્યને ઉજ્જવળ બનાવું. વર્તમાન પુરુષોત્તમ સંગમયુગનો સૌથી શ્રેષ્ઠ ખજાનો છે ખુશીનો ખજાનો. જે ધનથી નહી મળે પરંતુ માનવની અંદર જ છુપાયેલ છે માટે પુરુષાર્થથી મળે છે. સંતુષ્ટતારૂપી મૂલ્યને વધારનાર શ્રેષ્ઠ સાધન હોય તો તે છે “ઈચ્છા અવિદ્યા” ની સ્થિતિ. માટે આ વિનાશી, તમોપ્રધાન સંસારમાં ક્ષણીક વસ્તુ, વૈભવોની ઈચ્છાથી સ્વયંને દુર રાખીએ. કારણકે ઈચ્છાઓ ક્યારેય માનવને સારા બનવા દેતી નથી. આપણા શ્રેષ્ઠ ભાગ્યની પ્રાપ્તિમાંથી સ્વયં પણ સંતુષ્ટ બનીએ તથા અન્યને પણ સંતુષ્ટ કરી સંતુષ્ટ ભવનું વરદાન આપીએ.

.....................................................................

## -:આવ્યા માના નોરતા:-

# શિવ પાસેથી શક્તિ લઇ, વિકારોને ભસ્મ કરીએ એ જ સાચા અર્થમાં 'વિજયા દશમી'

વિજયાદશમી અથવા દશેરા અર્થાત દશ મસ્તકવાળા રાવણ સાથે યુદ્ધ કરી વિજય પ્રાપ્ત કરવો. લંકાના રાજા રાવણે સીતાનું હરણ કરી શોક વાટિકામાં લઇ ગયા અંતે રામે રાવણ સાથે યુદ્ધ કરી વિજયી બન્યા જેની યાદગાર સ્વરૂપે દશેરા મનાવવામાં આવે છે. દશ મસ્તકવાળા રાવણનું પુતળું બનાવી જલાવવામાં આવે છે, મીઠાઈઓ ખાઈ એકબીજા સાથે ખુશી મનાવે છે.

વાસ્તવમાં વિજયાદશમીનું સાર સ્વરૂપે આધ્યાત્મિક રહસ્ય જોઈએ તો રાવણનો અર્થ થાય છે રડાવનાર, દુ:ખ આપનાર, મનુષ્યને દુ:ખી કરનાર કે રડાવનાર હોય તો તે છે માનવના જ આસુરી સ્વભાવ અને સંસ્કાર, તેમાં પણ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર – આ પાંચ વિકારો સ્ત્રીમાં અને પાંચ વિકારો પુરૂષમાં છે જેની નિશાની રાવણને દશ મસ્તક બતાવવામાં આવે છે. તેથી સમજવાનું એ છે કે, રાવણ માત્ર લંકાનો રાજા ન હતો પરંતુ વર્તમાન સમયે સમસ્ત વિશ્વ જ રાવણ રાજ્ય અર્થાત લંકા બની ગયું છે અને રાવણ દરેક માનવની અંદર છે. અર્થાત આસુરી વૃત્તિઓ, માનસિક પ્રદુષણથી જ માનવ સ્વયંને દુ:ખી કરે છે.

વર્તમાન સમગ્ર દુનિયામાં સૌ મનુંષ્યાત્માંઓ રૂપી સીતા રાવણની કેદમાં છે. નિરાકાર રામે આપણને મર્યાદાઓની લકીરમાં બાંધેલ. દૈવી મુલ્યોથી સૌને મુલ્યવાન બનાવ્યા. સૃષ્ટિચક્રના નિયમ અનુસાર પ્રથમ બે યુગ – સતયુગ અને ત્રેતાયુગ આપણે તે મર્યાદાઓમાં રહ્યા જ્યારે સૃષ્ટિમાં ચારેબાજુ સતોપ્રધાનતા હતી. આખરે પરિવર્તનશીલ સંસારચક્રમાં

દ્વાપરયુગની શરૂઆત થતા ધીરે ધીરે આત્માની સંપૂર્ણતાની કળા ઓછી થવા લાગી જેનું મૂળ કારણ દેહી અભિમાની (આત્મ સ્થિતિ)ની રેખાને ઓળખી દેહભાનમાં આવ્યા. અંતે રાવણ તેના રાજ્યમાં લઇ ગયો એટલે કે કળિયુગ અંત આવતા માનવ સ્વભાવથી આસુરી બની ગયા, વિકારો-વ્યસનરૂપી કુટેવે માનવની સુંદરતા ખત્મ કરી દીધી. પરિણામે ચારેબાજુ શોકમગ્ન વાતાવરણ છવાઈ ગયું. સૌના મુખમાં પુકારભર્યા શબ્દો હતા-હે પતિતપાવન, સીતારામ તમે આવો, અમને દુ:ખમાંથી છોડાવી સુખમાં લઇ જાવ. અંતે આત્મારૂપી સીતાની પુકાર સાંભળી કળીયુગના અંત અને સતયુગનાં આદિનાં પુરુષોત્તમ સંગમયુગે નિરાકાર પરમાત્મા પિતાશ્રી બ્રહ્માના શરીરનો આધાર લઇ અવતરણ કરી ચુક્યા છે. તો આવો આપણે સૌ પરમાત્માની યાદથી રાવણને ભસ્મ કરી સાચા અર્થમાં વિજયી બનીએ.

અંદરનાં આસુરી સ્વભાવને જ્યારે ખત્મ કરીશું ત્યારે જ મીઠા વચનો ઉચ્ચારણ થશે જે વાસ્તવમાં તો મીઠાઈ ખાવા-ખવડાવવાની યાદગાર છે. સ્થૂલ મિઠાઇઓનો સ્વાદ તો ક્ષણિક છે, અલ્પકાળનો છે. પરંતુ શુભ ભાવના, શુભ કામનાથી ઉચ્ચારેલ બોલ હંમેશને માટે યાદગાર બની જાય છે, તો આપણા માટે માત્ર એક દિવસના દશેરા નથી પરંતુ રોજ ખુશીઓ મનાવી નવી દુનિયામાં જવાનો પુરુષાર્થ કરવાનો છે.

*****